# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

બોલાઇ જાય બફાટે, ખૂણે ઠેલાઇ જાય છે,
નાની શી ચૂકમાં, મોટો દાવ ખેલાઇ જાય છે,
ફેલાઇ જાય પ્રચારે પ્લાસ્ટીક ફૂલની ફોરમ -
પાવાની એક ફૂંકે સંગીત રેલાઇ જાય છે..
(મિડિયામેનોની ભાટાઇ!)

## હાઈકુ

ગોપાલ વર્મા!!
કોર્ટથી બચવાને -
ગણેશ ભજો!!
(તમારું માથું જરૂર બચાવશે)

'ગુરૂ ઉત્સવે'
આપશે આશીર્વાદ -
નરેન્દ્ર ચાચા!
(લેજો ફરજીયાત)

## ચિંતન

**ના ક્ષરં મંમ રહીતં ન મૂલં નૌષધિમ । અયોગ્ય પુરૂષં નાસ્તિ યોજકસ્ત દુર્લભ ।**

કક્કા બારખડીમાં એવો કોઇ અક્ષર નથી જેમાં મંત્ર બનવાની શક્તિ-તાકાત ન હોય, (અર્થાત્ બધા જ મૂળાક્ષરમાં મંત્રશક્તિ સમાયેલી છે.

વનસ્પતિઓમાં એવો કોઇ છોડ-મૂળ નથી જેનો ઔષધ તરીકે ઉપયોગ ન થઇ શકે, અર્થાત બધી જ વનસ્પતિ (ઝેરી પણ કેમ ન હોય!) માં ઔષધ બનવાની ક્ષમતા છે, ઉપયોગી છે.

અને એવી કોઇ વ્યક્તિ-માણસ નથી જે તદ્દન નકામો હોય, અર્થાત્ તેનું જીવન નિરૂપયોગી હોય -

પરંતુ આ ત્રણે બાબતોની ઉપયોગીતા તેના ગુણ-ધર્મોનો જાણકાર કોઇ નિષ્ણાત તેમનો ક્યાં-કેવી રીતે ઉપયોગ કરવો એ જાણીને તેનો ઉપયોગ કરે તો એ ત્રણ બાબત ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વની થઇ શકે છે.

કહેવાય છે 'રામચરિત' માનસ-તુલસીકૃતની એક એક ચોપાઇ મંત્ર છે. શ્રદ્ધા-ભક્તિથી કોઇ પણ ચોપાઇનો જાપ કરો તો એમાં 'રામ'નામ તો સમાયેલું જ છે. (શાધી લેજો)

વનસ્પતિઓ બધી જાતની ખૂબ જ ઉપયોગી છે તેનો ઉપયોગ ઔષધ તરીકે થઇ શકે -

માણસનો તેની શક્તિ અનુસાર-આવડત મુજબ ઉપયોગ કરવો જોઇએ. એના માટે એ વિષયના નિષ્ણાત જરૂરી છે.

## સુવિચાર

- જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે, પુસ્તકો એ રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે **- ધર્મસૂત્ર**
- બગીચા માટે આપણે માળી પણ થઇ શકીએ અને કઠિયારા પર થઇ શકીએ **- એસ.ભટ્ટાચાર્ય**
- માણસને જીવાડનારા બે મુખ્ય ચાલકબળ છે. તે છે.. પ્રવૃત્તિ અને પ્રેમ- **ફ્રેન્ચ કહેવત**
- બુઝી હુઇ શમ્મા ફીર સે જલ સકતી હૈ, તુફાનો મેં ઘીરી કશ્તી કિનારે લગ સકતી હૈ, માયુસ કભી ન હો ના જીંદગી મેં, યે કિસ્મત ભી કભી ભી બદલ સકતી હૈ **- નુર આઝમ**
- હિંસાનો સદૈવ ત્યાગ કરો, કરૂણા ઉદારતા, અનુકંપા અને સ્નેહનો જીવનમાં અમલ કરો **- મુનિ ભાનુચંદ્રજી**
- જ્ઞાન એ મેઘ છે, પુસ્તકો એ આપણા ઘરમાં રહે તેવા પાણી ભરેલાં માટલાં છે **- ચન્દ્રકાન્ત બક્ષી**
- જીવ આવ્યો છે... પ્રવાસ કરવા, શરીરનું વાહન બાંધ્યું છે, તું જો પોતે હોય ફૂલ તો, હાથે કાં ચંદન બાંધ્યું છે **- સૈફ પાલનપુરી**

**(સંકલન : દીપક વી. આસારા)**

## બોધ કથા

આજે તો પ્રધાનશ્રી કે મોટા અધિકારીઓને ઘેર ડ્રાઇવર, માળી પટ્ટાવાળા, રસોઇયાની ભરમાર હોય છે. 'સાહેબ' ને બંગલે કામ કરવાનું અને પગાર કચેરી ખાતે પડે!

બાદશાહ નસુરૂદ્દીન ખૂબ જ ધર્મિષ્ઠ, પવિત્ર અને પ્રામાણિક રાજા હતો. સરકારી તિજોરીનો સાચો ટ્રસ્ટી હતો પોતે લખેલા પુસ્તકોની હસ્તપ્રત વેંચી પતિ-પત્નીનું ગુજરાન ચલાવતો. રાજયના કારભારીએ નિયત કરેલી પગારની રકમમાંથી જ પોતાનું ખર્ચ ચલાવતો.

બેગમ જાતે જ 'મહેલ'નું કામ સાફ-સૂફી, રસોઇ જાતે જ કરતી - એકવાર બેગમનો હાથ રસોઇ બનાવતાં દાઝી ગયો. રસોઇ બનાવવી શક્ય નો'તી. બારશાહ નસુરૂદ્દીનને કહ્યું મારો હાથ સારો થઇ જાય ત્યાં સુધી 'રસોયણ' બાઇ રાખી લઇએ!

બાદશાહ કહે - એને ચૂકવવાના પગાર જેટલી બચત આપણી પાસે નથી. એના કરતાં રસોઇનું લગભગ કામ હું જાતે સંભાળીશ તારાથી થાય એટલી મદદ મને કરજે!

આવા નિષ્ઠાવાન શાસનકર્તા આજના યુગમાં દીવો લઇ ગોતવા નીકળીએ તો પણ મળવા અશક્ય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# માનવી દાનવ બને એ એની હાર છે, માનવ મહાન બને એ એનો ચમત્કાર છે, પણ માનવી મનુષ્ય બને એ એની જીત છે : ડો. રાધાકૃષ્ણન

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

કોઈના અવગુણોને તું બેનકાબ ન કર,
ઉપર ઈશ્વર બેઠો છે તું હિસાબ ન કર.

પમી સપ્ટેમ્બર એટલે શિક્ષકદિન, એક સંનિષ્ઠ અને આદર્શ શિક્ષક તરીકે ખ્યાતી મેળવનાર રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનની જન્મજયંતિ. દ.ભારતના મદ્રાસની પશ્ચિમે આવેલા તિરૂતામી નામના સામાન્ય ગામડામાં વસતા ચુસ્ત સનાતની બ્રાહ્મણ કુટુંબમાં રાધાકૃષ્ણનનો જન્મ ૧૮૮૮ની પમી સપ્ટેમ્બરે થયો હતો. સામાન્ય શાળામાં વિદ્યાભ્યાસ, સામાન્ય સંજોગોમાં જીવન-વિકાસ સાધનાર આ મહાન ફિલસૂફનું જીવન એટલે અંતરની ઉત્કટ શ્રદ્ધાનો પરમ પુરષ્કાર!!

રાધાકૃષ્ણને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખ્રિસ્તી મિશનરીમાં લીધું હતું. વેલોરની અમેરિકન ક્રિશ્ચિયન શાળામાંથી ઈ.સ. ૧૯૦૩માં મેટ્રિક થયા. ઈ.સ. ૧૯૦૭માં બી.એ. થયા. ઈ.સ. ૧૯૦૯માં તત્વજ્ઞાન વિષય લઈ પ્રથમ સ્થાને એમ.એ. થઈ યુનિ. ચંદ્રક મેળવ્યો હતો. આમ ઉત્તરોત્તર સિધ્ધિ પ્રાજ્ઞ કરી. પોતાની આવી ઉજજવળ કારકિર્દી પાછળ સદભાગ્યનો આભાર માનતા તેઓ લખે છે, જાણે કોઈ મહાન સુકાની જયાં બીજા કેટલાય જહાજો અથડાઈને ભુક્કા થઈ ગયાં છે એ ખડકાળ સાગરમાં સંભાળપૂર્વક મારી નાવને હંકારી રહ્યો છું એવું મને લાગે છે.

ઈ.સ. ૧૯૧૧માં મદ્રાસ પ્રેસિડેન્સી કોલેજમાં તત્વજ્ઞાનના સહાયક અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી. આ સમયગાળા દરમિયાન શિક્ષણશાસ્ત્રની એલ.ટી.ની ઉપાધિ મેળવી લીધી. મૈસુર યુનિ. એ એમની સેવાઓ પાંચ વર્ષ માટે ઉછીની આપવા મદ્રાસ સરકાર પાસે માંગણી કરતાં તેમણે ૧૯૨૦ સુધી સેવા આપી. મુદત પૂરી થતાં મદ્રાસ સરકારે એમને પાછા બોલાવી I.E.C (ઈન્ડિયન એજયુકેશન સર્વિસ) ની નોકરી પર લઈ લીધા.

કલકત્તા યુનિ.માં તત્વજ્ઞાનની કિંગ જયોર્જ ચેર- ખાલી પડતા એ સ્થાને પ્રોફેસર ઓફ મેન્ટલ એન્ડ મોરલ સાયન્સ તરીકે ૧૯૨૧થી ૧૯૪૧ સુધી કાર્યભાર સંભાળ્યો. ઈ.સ. ૧૯૨૬ના જૂન માસમાં સમસ્ત બ્રિટીશ સામ્રાજયની વિદ્યાપીઠોની પરિષદ એમ્પાયર યુનિ. કોન્ફરન્સ કેમ્બ્રિજમાં મળી એમાં રાધાકૃષ્ણનની પસંદગી કરાઈ એમના આગમનના સમાચાર સાથે અનેક સંસ્થાઓએ પ્રવચનો માટે નિમંત્રણો પાઠવ્યા હતા. એ બધામાં ઓક્ષફર્ડના અફ્ટન ટ્રસ્ટના પ્રવચનોએ અપૂર્વ માન સન્માન બક્ષ્યું. ડૉ બાલકૃષ્ણ પાઠકે આ અંગે નોંધ લખી છે કે ઓક્ષફર્ડ જીવનમાં the first saptah નિરાળું સ્થાન ભોગવે છે. પ્રોફેસરો વિદ્યાર્થીઓ રમતગમતના કાર્યક્રમમાં એવા માગના હોય છે કે ગમે તેવા આકર્ષક ભાષણો માટે શ્રોતાઓ એકઠા કરવા એ મોટી મુસીબત પણ રાધાકૃષ્ણન એમાં અપવાદ નીવડ્યા.

બીજા જ દિવસથી શ્રોતાઓની ભરચક મેદની ઉભરાવા લાગી. હાથમાં એકપણ નોંધની ચબરખી વગર અસ્ખલિત જ્ઞાન પ્રચુર વાણી પ્રવાહ વહાવી આપણા ભારતીય વિદ્વાને અપ્રતિમ વાક્ચાતુર્યના જાદુથી ઈંગ્લેન્ડના શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ૧૯૨૮માં ઓક્ષફર્ડની મેન્ચેસ્ટ કોલેજમાં કમ્પેરેટીવ રિલિજિયનના પદ માટે ઈંગ્લેન્ડનું આમંત્રણ મળ્યું. જે ભારત માટે ગૌરવભર્યુ ગણાય. જેનો સહર્ષ સ્વીકાર કરી ૧૯૩૦ સુધી રહી સ્વદેશ પાછા ફર્યા. કલકત્તા વિદ્યાપીઠે આજીવન સભ્ય તરીકે સ્વીકારી બહુમાન કર્યુ. તો મદ્રાસ સરકારે સરના ઈલકાબથી નવાજી અભિવાદન કર્યુ. ૧૯૩૯માં પંડિત મદનમોહન માલવિયાજી એ બનારસ હિંદુ યુનિ.ના ઉપકુલપતિ પદની જવાબદારી સોંપી. ૧૯૪૧માં નામદાર ગાયકવાડ સરકારે બનારસ હિંદુ યુનિ.ને હિન્દી સંસ્કૃતિ અને ઈતિહાસના અભ્યાસ માટે રૂપિયા ૨૧ હજારનું વર્ષાષન બાંધી આપ્યું. સાથે એ વિષયના પહેલા આચાર્ય પદ માટે ડૉ રાધાકૃષ્ણનને રાખવા દ્રઢ આગ્રહ સેવ્યો હતો.

આવા અનન્ય પ્રજ્ઞાના ઉત્તુંગ શિખર સમા મહાન તત્વચિંતકે ભારતનું નામ દિગંત વ્યાપી કર્યુ. જ્ઞાનપ્રચુર પ્રવચનો જાદુઈ વાક્છટાથી પ્રભાવિત લંડન વિદ્યાપીઠના તત્કાલીન કુલનાયક સર વિલિયમ કોલીન્ગ્સે વ્યાખ્યાનમાળાના આભાર દર્શન વખતે રાધાકૃષ્ણનને ઉદ્દેશીને કહ્યું હતું. ચાલીસ વર્ષ પૂર્વે હું લંડન વિદ્યાપીઠમાં ભણવા બેઠો ત્યારે તમારા જેવા અધ્યાપક હોત તો કેવું સારું!!

તત્વચિંતક ડૉ રાધાકૃષ્ણને સમકાલીન તત્વવિચારમાં ધર્મશાસન નામના ગ્રંથમાં પાશ્ચાત્ય તત્વચિંતકોના કથનની આલોચના કરતો લેખમાળાનો ગ્રંથ આપ્યો. જે પશ્ચિમી યુનિ.ઓમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકૃત થયું. ભારતીય તત્વજ્ઞાનનો ઈતિહાસ નામના ગ્રંથે વિશ્વભરના તત્વચિંતકોનું ધ્યાન ખેંચ્યું. ઈંગ્લેન્ડ અને અમેરિકાની વ્યાખ્યાનમાળાઓ હિંદનું જીવનદર્શન રૂપે ગ્રંથસ્થ થઈ ઓક્ષફર્ડ યુનિ.ના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ વ્યાખ્યાનો સાપેક્ષ ધર્મ અને રીબર્ટ વ્યાખ્યાનો તરીકે આપેલ પ્રવચનો એન આઈડિયાલીસ્ટ વ્યુ ઓફ લાઈફનાં નામે ગ્રંથસ્થ કરાયેલ છે.આવા આપણા પ્રબોધમૂર્તિ મેધાવી ફિલસૂફ પ્રાધ્યાપકમાંથી પ્રેસીડંટ સુધીની સફળ જીવન સફર ખેડનાર મહાન વિશ્વ વંદનીય વિભૂતિને એમની જન્મ જયંતિએ અનંત પ્રણામ!!

**સ્પર્શમણિ -**

માનવી દાનવ બને એ એની હાર છે, માનવી મહાન બને એ એનો ચમત્કાર છે. પણ માનવી મનુષ્ય બને એ એની જીત છે...

**- ડો. રાધાકૃષ્ણન**

- Rasikvaland 1965@gmail.com

# આયુર્વેદમાં ઈમ્યુનીટીને 'વ્યાધિ ક્ષમત્વ' કહ્યું છે, વ્યાધિક્ષમત્વ એટલે વ્યક્તિઓ સામે રક્ષણ પ્રદાન કરતી શક્તિ

## ઈમ્યુનીટી અને એલર્જી - નિરામય

ડૉ. કેદાર ઉપાધ્યાય

ઈમ્યુનીટી, એટલે કે રોગપ્રતિકારક શક્તિ. દરેક વ્યક્તિમાં, દરેક પ્રાણી-પક્ષીમાં રહેલી છે. અલબત્ત દરેકની માત્રા વત્તેઓછે અંશે હોઈ શકે. આયુર્વેદમાં ઈમ્યુનીટીને 'વ્યાધિ ક્ષમત્વ' કહ્યું છે. વ્યાધિક્ષમત્વ એટલે વ્યક્તિઓ સામે રક્ષણ પ્રદાન કરતી શક્તિ.

ઈ.સ. ૧૮૬૦માં એક જર્મન વૈજ્ઞાનિક એવું સંશોધન કર્યુ કે જો કોઈ પશુમાં કે જીવાણુ વિષ () ની એટલી માત્રા કે જે ઘાતક ન હોય, પ્રવિષ્ઠ કરાવવામાં આવે અને ત્યારબાદ ક્રમશઃ એ જીવાણુ વિષની માત્રા વધારતા દાખલ કરવામાં આવે તો બાદમાં તે પશું જીવાણુવિષની ઘાતક માત્રા પણ સહન કરી લે છે. એ પશુમાં જીવાણુ વિષની સામે રક્ષણ આપતી પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન થઈ જાય છે. આ શક્તિ પશુએ પોતે જ ઉપાર્જીત કરી છે. આથી આવી શક્તિને () નામ આપવામાં આવ્યું. હવે જયારે આવા ઈમ્યુ થયેલા પશુના લોહીમાંના એ ભાગને કાઢીને જો બીજા પ્રાણીમાં તેમને પ્રવિષ્ટ કરાવવામાં આવે તો તે બીજા પ્રાણીમાં પણ રોગપ્રતિકાર શક્તિ ઉત્પન્ન થઈ જાય છે. અહિં બીજા પ્રાણીએ પ્રથમ પ્રાણીની ઉત્પન્ન થયેલ ઈમ્યુનીટીને મેળવી છે. આથી આવી ઈમ્યુનીટીને પેસીવ ઈમ્યુનીટી કહે છે. ઈલબત, ટાઈફોઈડ, હુપીંગ કફ આદિ રોગો એક જ વખત થવાનું કારણ આ જ છે. કારણ કે આ રોગો થયા બાદ શરીરમાં આ રોગોની પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન થઈ જાય છે જે રોગને ફરિવાર આવતા અટકાવે છે.

વેક્સીવ (રસી) પાછળનું શાસ્ત્ર પણ આ જ છે. જે - તે રોગો સામે રક્ષણ આપતી વેકસીનમાં ઓછી માત્રામાં જીવાણુ વિષ જ રહેલા હોય છે જે કુદરતી રીતે શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરે છે. આથી જ બાળકોને બીસીજી, પોલીયો, કૉલેરા, ટાઈફોઈડ આદિની રસી આપવામાં આવે છે. રસીમાં જે - તે રોગના વિષ પર અમુક પ્રક્રિયા કરવામાં આવે છે. જેથી તે મારક નથી બનતા પરંતુ તેનો પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન કરવાનો ગુણ યથાવત રહે છે.

ત્યારબાદ આ વિષતત્ત્વને ઘાતક ન સાબિત થાય તેટલી માત્રામાં અમુક દિવસો કે મહિનાઓ સુધી જે - તે પ્રાણીના શરીરમાં દાખલ કરવામાં આવે છે. ત્યારબાદ જે - તે પ્રાણીના રક્તમાંના સીરમને સ્વચ્છ કરી તેના પર ચોક્કસ પ્રોશેસ કરી તેને મનુષ્યોમાં રસી સ્વરૂપે ઉપયોગ કરવામાં આવે છે. સાપના વિષથી બચવા માટે બનાવેલ એન્ટીવેનમ પણ મૂળ સ્વરૂપે સાપનું વિષ જ છે. (ઝેરનું મારણ ઝેર)

કોઈ પણ એવો પદાર્થ (ખાસ કરીને પ્રોટીન) કે જે ત્વચા આદિ મારફતે શરીરમાં પ્રવેશ કરે અને શરીર તે પદાર્થના થયેલ બાહ્ય પદાર્થ (ફોરેન મેટર)ને એન્ટીજન કહેવામાં આવે છે. જેમ કે બેકટેરીયા, વિષતત્ત્વો આદિ. શરીર આવા એન્ટીજનનો સામે રક્ષણ આપવા જે પદાર્થ કે પીંડનું નિર્માણ કરે તેને એન્ટી બોડી કહે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ચુંબક ચિકિત્સા : નવું વિજ્ઞાન-નવી દિશા

## મોરપીંછના રંગ



- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

બ્રહ્માંડમાં અસંખ્ય તારા મંડળો એટલે કે સર્વવ્યાપી ચેતના છે, જેનાં ચુંબકત્વને કારણે સંતુલન છે. માનવી આ બ્રહ્માંડ વ્યવસ્થામાં એક કણ માત્ર છે. પરંતુ આ કણ એટલે કે માનવીમાં એ બધા જ તત્ત્વો છે જે સમગ્ર બ્રહ્માંડ છે.

આપણું પૃથ્વીતત્ત્વ આજે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે.પૃથ્વીના બ્રહ્માંડ સાથેના તાદાત્મ્યમાં થોડી ગરબડ ઊભી થઈ છે. આપણું શરીર પણ પંચમહાભૂત તત્ત્વોથી બનેલું છે - જળ, વાયુ, પૃથ્વી, અગ્નિ અને આકાશ... આ પંચતત્વના વિદ્યુત તરંગોથી આપણા શરીરનું સમતોલપણું જળવાઈ રહે છે. વેદો-પુરાણોમાં નિત્ય સવારે સ્નાન કરવું, પૂજા કરવી, ધૂપ-દિપ કરવા, સૂર્ય અર્ચના કરવી... આ બધાનું ખૂબ જ મહત્વ દર્શાવ્યું છે. આ બધી ક્રિયાઓ દ્વારા આપણા શરીરને પંચતત્ત્વ મળી રહે એવો વૈજ્ઞાનિક અભિગમ રહેલો છે. આ ઉપરાંત આપણા શરીરનું ચુંબકત્ત્વ પૃથ્વીના ચુંબકત્વ સાથે સરળતાથી ચુંબકત્વની આપ-લે કરીને ઘણા શારીરિક-માનસિક રોગોને આપોઆપ દૂર કરી દે છે. પરંતુ માનવ શરીરમાં જ્યારે ચુંબકત્ત્વની વધ-ઘટ થાય છે ત્યારે સંતુલન બગડે છે અને આધુનિક વિજ્ઞાનની ભેટ સમાન 'એલોપથી' તરફ આપણે વળીએ છીએ. ગંભીર અને જોખમી રોગોમાં આ એલોપથી કામ જરૂર લાગે છે, પીડામાંથી ત્વરિત મુક્તિ પણ મળે છે. પરંતુ લાંબા ગાળે એની આડ અસર અનેક નવી બિમારીઓ ભેટમાં લાવે છે, પરિણામે આજનું વિજ્ઞાન પણ પુરાણોમાં દર્શાવેલી અન્ય ઉપચાર પદ્ધતિઓ તરફ વળ્યું છે. જેમાં હોમિયોપથી, આયુર્વેદ, એક્યુપ્રેશર, યોગા, ધ્યાન, પ્રાણાયામ અને લોહચુંબક ચિકિત્સા : આ બધી પદ્ધતિઓ સરળ અને ઓછા ખર્ચવાળી હોવાથી ધીમે ધીમે લોકપ્રિય થતી જાય છે.

આ ચુંબકત્વ ખરેખર શું છે ? તે સમજવું જરૂરી છે. પદાર્થ વિજ્ઞાન અનુસાર જોઈએ તો આપણને દશ્ય અને પ્રત્યક્ષ અનુભવમાં આવતું જગત એ ભિન્ન ભિન્ન લંબાઈ અને કંપન-ઈન્દ્રિયો વિશ્વમાં રહેલ વિદ્યુત-ચુંબકીય તરંગોમાંથી અમુક જ તરંગો વાઈબ્રેશન પકડી શકે છે. આપણી આંખ .૦૦૦૦૪ સે.મી.થી માંડીને .૦૦૦૦૭ સે.મી. લંબાઈવાળા તરંગો પકડી શકે છે. એથી ઓછા તરંગો ધરાવતી અતિ સૂક્ષ્મ વસ્તુ આપણને દશ્ય થતી નથી.

આ પ્રભાવશાળી ચુંબકનો ઉલ્લેખ છેક આપણા વેદોમાં જોવા મળે છે. અર્થવેદમાં ભાગ-૧ ના ખંડ-૧, સૂક્ત-૧૭ના મંત્ર-૩ અને ૪માં આ રીતે ઉલ્લેખ છે.

શતસ્ય ધમનીનાં સહસ્ત્રસ્ય હિરાણામ્ ।
અસ્બુરિન્મધ્યમા ઈમાઃ સાકમન્તા અરસંત ॥૩॥

આ ઉપરાંત ભાગ-૩, ખંડ-૭, સૂકત-૩પના મંત્ર-૨ અને ૩માં ખાસ ચોક્કસ પ્રકારના પથ્થરની સહાયથી સ્ત્રીઓના રોગોના નિદાનનો ઉલ્લેખ છે.

આધુનિક યુગમાં ચુંબકત્વની શોધ વિશે ઘણી બધી અવનવી વાતો પ્રવર્તે છે. પરંતુ એ હકીકત છે કે સમગ્ર બ્રહ્માંડનું અસ્તિત્વ એકમાત્ર ચુંબકત્વને કારણે ટક્યું છે. સૂર્યની આસપાસ તમામ ગ્રહો ચુંબકત્વને કારણે ફરે છે, ઉપરાંત પૃથ્વીને પોતાનું પ્રાકૃતિક ચુંબકત્વ પણ છે જેને કારણે જીવસૃષ્ટિ કાળક્રમે વિકાસ પામી છે. જો આ ચુંબકત્વમાં વધ-ઘટ થાય તો માનવ જીવન માટે ખતરો સાબિત થાય છે.

પૃથ્વીના તથા માનવીના ચુંબકીય પ્રભાવમાં ઉત્તર-ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પણ મહત્વનો ભાગ ભજવે છે. જેમકે લાગણીશીલ વ્યક્તિ જ્યારે પોતાનું માથું દક્ષિણ ધ્રુવ તરફ રાખીને સુવે છે તો તેને ઉદ્વેગ થાય છે, ટેન્શન થાય છે પરંતુ જો તે અથવા કોઈપણ વ્યક્તિ રાત્રે સુતી વખતે પોતાનું માથું ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ રાખે તો પરમ શાંતિનો અનુભવ થશે. ઊંઘ સારી આવશે કેમકે આ રીતે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રની સમાંતર માનવ શરીર ગોઠવાયેલું હોવાથી તેમાં ગરબડ ઊભી થતી નથી. અસંખ્ય વૈજ્ઞાનિક પ્રયોગોમાં સિદ્ધ થયેલું છે કે માણસનું માથું જ્યારે ઉત્તર તરફ હોય ત્યારે મગજમાં ચાલતી વિદ્યુત પ્રક્રિયાઓ ધીમી પડે છે તથા મગજમાં આલ્ફા, ડેલ્ટા અને થીટા તરંગોનું પ્રભુત્વ રહે છે પરિણામે ઊંઘ સારી આવે છે.

આપણું શરીર ચુંબકત્વ કંપનો ધરાવે છે. આપણા શરીરના કણેકણમાં વિદ્યુત પ્રવાહ વહે છે. શરીરના પ્રત્યેક કોષ એક વિદ્યુત એકમ છે. ચુંબકત્વ અને વીજળી બંને શક્તિ સમાન છે. બંનેના સમન્વયથી જીવનકોષો તરોતાજા અને ચેતનમય રહે છે. માનવ શરીર ઉપર ચુંબકત્વનો ખૂબ જ પ્રભાવ છે. આ અંગે વિશ્વભરના વૈજ્ઞાનિકોએ પણ પ્રયોગો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. હાવર્ડ ડી. સ્ટૈંગલ માને છે કે ચુંબકત્વ એક સાચું વિજ્ઞાન છે એમાં બધા દેશોએ સંશોધન કરવું જોઈએ.

આમ જોઈએ તો ચુંબકમાં લોખંડની વસ્તુને આકર્ષિત કરવાની પ્રબળ શક્તિ છે. પરંતુ બ્રિટનમાં સંશોધન થયું છે કે ચુંબકત્વનો પ્રભાવ અન્યક્ષેત્રોમાં પણ જોવા મળે છે. માનવ શરીરમાં વહેતા લોહીમાં આર.બી.સી. તત્વ હોય છે. જેમાં હિમોગ્લોબિન અને લોહતત્વ હોય છે. આ બંનેને જુદા પાડવા પહેલા ખૂબ જ જટિલ વૈજ્ઞાનિક પ્રક્રિયા કરવી પડતી હતી. પરંતુ હવે ચુંબકત્વના પ્રભાવથી આ બંને તત્ત્વો સરળતાથી જુદા પડી જાય છે. આ ચુંબકત્વ આર.બી.સી.ને લોહીથી અલગ કરી દે છે.આ આર.બી.સી. લોહીમાં ૪૫ થી ૫૦ ટકાની માત્રામાં હોય છે. જેમાં ૪ ટકા લોહતત્ત્વ હોય છે. ચુંબકત્વના આ પ્રભાવથી વૈજ્ઞાનિકો પણ અચંબામાં પડી ગયા. પ્રયોગો શરૂ કર્યા અને બધામાં સફળતા મળી ત્યારે જગતભરમાં આનંદ છવાઈ ગયો. કારણ કે જે રોગોની દવાઓ શોધી નહોતી શકાતી તે રોગો આ ચુંબકત્વથી દૂર કરવાનો સરળ અને બિન ખર્ચાળ ઉપાય હાથ લાગ્યો.

શિકાગોની બાયોમેગ્નેટિક રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૮ વર્ષના સંશોધન પછી જાહેર કરવામાં આવેલું કે લોહચુંબકીય ક્ષેત્ર કેન્સરના કોષોની વૃદ્ધિ અટકાવે છે. ડૉ. મેકલિન પણ માને છે કે 'કેન્સર શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રમાં ટકી શકે જ નહીં.' જાપાનના ડૉક્ટરોએ પ્રયોગો દ્વારા સિદ્ધ કર્યું છે કે ફ્રેક્ચરવાળા ભાગ પર ચુંબકીય ક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવે તો તૂટેલાં હાડકાંનું જોડાણ ઓછી તકલીફ અને વધુ ઝડપથી થાય છે, ઉપરાંત શરીરના ઈજા પામેલા કોષોની સુધારણામાં પણ લોહચુંબકોને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ છે. વળી નવા બનતા કોષોનો પણ ઝડપથી વિકાસ કરવામાં લોહચુંબકોનો જ ખૂબ જ મોટો પ્રભાવ છે. શરીરના જ્ઞાનતંતુઓ ઈજા કે કપાયા પછી પુનઃ જોડાય છે અને કાર્યરત થાય છે. પરંતુ મગજના અને કરોડરજ્જુના કોષો એક વખત નાશ પામ્યા પછી ફરીથી કાર્યરત થતા નથી જો આવા ભાગોને પણ ચુંબકીય સારવાર અપાય તો ખૂબ જ ઉત્સાહજનક અને સારા પરિણામો પ્રાપ્ત થાય છે. કરોડની ઈજાને કારણે શરીરના નીચેના ભાગ પર પેરેલિસિસની અસરથી પીડાતી વ્યક્તિ પણ ચુંબકીય સારવારથી ધાર્યું પરિણામ મેળવી શકે છે.

ડૉ. રેમન્ડ ડેમેડિયન અને તેના સાથી વૈજ્ઞાનિકોએ સાતેક વર્ષથી મહેનતથી એક વિદ્યુત મેગ્નેટિક યંત્ર તૈયાર કર્યું છે. જે મગજની ગાંઠ, મગજના રોગ, કરોડરજ્જુની ઈજાઓ વગેરેના નિદાનમાં ઉપયોગી થાય છે. આ યંત્રને મેડિકલની ભાષામાં એમ.આર.આઈ. (મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ) મશીન કહે છે. આ મશીનમાં પણ શક્તિશાળી ચુંબકો ગોઠવીને નિદાન કરવામાં આવે છે. બે મીટર ઊંચા-પહોળા અને ત્રણ મીટર લાંબા ઘનમાં શક્તિશાળી વીજ ચુંબકો ગોઠવવામાં આવેલા હોય છે જેને 'મેગ્નેટ બોર' (ચુંબકીયક્ષેત્ર) કહે છે. આ ગોળાકાર ચુંબકીય ક્ષેત્રમાં દર્દીનો પ્રવેશ કરાવીને તેના શરીરના અંદરના સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિત્રો (ફોટા) ઝડપવામાં આવે છે. આમ આધુનિક વિજ્ઞાન પણ હવે ચુંબકત્વની શક્તિશાળી અસરને સમજી ચૂક્યું છે.

ચુંબકત્વ માનવીની આંતર બાહ્ય ચેતના સાથે પણ વણાયેલું છે જેના ઉપયોગ વડે માનવી આંતરિક-મનોશક્તિથી ધાર્યા કામ કરી શકે છે. વેદો-પુરાણોમાં વ્યક્તિત્વ-ચુંબકીય પ્રભાવોના અનેક ઉદાહરણો જોવા મળે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ દ્વારા તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદને સ્પર્શીને શક્તિ આપવી, વનવાસમાં લક્ષ્મણ દ્વારા સીતાની રક્ષા માટે રેખા ખેંચવી, મહર્ષિ દયાનંદ દ્વારા પોતાના પ્રભાવક અવાજ દ્વારા હવાની આંધીને રોકી રાખવી, શ્રીકૃષ્ણ દ્વારા ઉત્તરાના મૃત બાળકને જીવિત કરવું... આવા ઘણા બધા ઉદાહરણો છે. હિન્દુ ધર્મ-સંસ્કૃતિમાં પ્રથા છે કે આપણે ગુરુ સંતો કે વડિલોને ચરણસ્પર્શ કરીએ છીએ એ વખતે તે લોકો આપણા માથે હાથ મુકે છે. આ પ્રથા પાછળ પણ એક વૈજ્ઞાનિક તથ્ય છે. માણસના પંચમહાભૂતથી બનેલા શરીરમાં જે કાંઈ ચેતનતત્ત્વની જરૂરિયાત હોય છે તે આપણા મસ્તકથી પ્રવેશે છે. મહાપુરુષોના આપણા મસ્તક પરના સ્પર્શથી એમની ચુંબકત્વ શક્તિ આપણા શરીરમાં પ્રવેશી આપણને શક્તિ તથા શુદ્ધતા અર્પે છે. આખું માનવ અસ્તિત્વ ચુંબકત્વ શક્તિથી ભરપૂર છે. આ બાહ્ય અને આંતરિક ચુંબકત્વનો પ્રભાવક પ્રત્યેક વ્યક્તિમાં હોય છે જેનો થોડો પણ સાચો ઉપયોગ કરવામાં આવે તો વ્યક્તિ ધારે તે કરી શકે, અદશ્ય થઈ શકે, એક ક્ષણમાં ગમે ત્યાં પહોંચી-પરત આવી શકે, હવા-પાણીમાં ચાલી શકે. આ બધું પૌરાણિક યુગમાં થતું હતું. આજના દૂષણો અને પ્રદૂષણોએ આ વિદ્યા નાશ કરી છે જે હવે આપણું વિજ્ઞાન અને નવી ટેકનોલોજી સ્વીકારી ચૂક્યું છે કે માનવ શરીર એ ચુંબકીય શક્તિથી ચાલતું સ્વયંસંચાલિત યંત્ર છે. આ યંત્રના બે મહત્વપૂર્ણ વિભાગ છે 'મગજ' અને 'હૃદય'. શરીરની બધી જ ક્રિયાઓને નિયંત્રિત રાખનાર 'મગજ' છે જ્યારે શરીરની બધી જ રક્તસંચારની પ્રક્રિયા 'હૃદય' દ્વારા થાય છે. વ્યક્તિની વૈચારિક પ્રક્રિયા તેના ચુંબકત્વ પર અસર કરે છે. જો માણસ નેગેટિવ વિચારસરણી ધરાવતો હશે તેના મનમાં ખરાબ ઈચ્છાઓ હશે, ઈર્ષાભાવ, સ્વાર્થ વિચારોની સ્થૂળતા, સ્વભાવમાં ક્રોધ હશે તો તેના શરીરની ઊર્જામાં દોષ ઉત્પન્ન થશે અને શરીરના - મગજના કોષો તૂટતા જશે અને રોગો ઉત્પન્ન થશે ક્યારેક આ માત્રાઓનું પ્રમાણ વધી જવાથી વ્યક્તિનું અચાનક મૃત્યુ પણ થાય છે. આને કારણે જ આજે ડૉક્ટરો, વૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો, સાહિત્યકારો પણ પોઝિટીવ વિચારસરણી, શાંતમન, પરોપકારી ભાવનાનું મહત્વ દર્શાવીને યોગ, પ્રાણાયામ અને અધ્યાત્મના માર્ગે વળવાનું કહે છે કારણ કે આ બધી અદશ્ય પ્રક્રિયાઓ દ્વારા ચુંબકત્વ શક્તિ ઉત્પન્ન થાય છે અને નવી શક્તિશાળી ઊર્જા ઉત્પન્ન થઈ વ્યક્તિત્વ આકર્ષિત બનાવે છે.

અહીંયા એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ કે પ્રત્યેક મેગ્નેટની ગુરુત્વાકર્ષણની શક્તિ જુદી જુદી હોય છે જેમાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવને કારણે ચુંબકત્વ ક્ષેત્ર રચાય છે. આજે માર્કેટમાં મળતા ચુંબકો આ થીયરી પ્રમાણે હોય તો તેની માત્રા જાણીને ઉપયોગ કરવો જોઈએ. કેમકે બંને ધ્રુવોના ગુણધર્મો જુદા જુદા હોવાથી તેનો છેડો પારખવો જરૂરી છે અને કયા રોગમાં કયો ધ્રુવ કામ આપશે તેનું જ્ઞાન પણ હોવું અનિવાર્ય છે. જોકે કેટલાંક ચિકિત્સકો બંને ધ્રુવોનો એક સાથે ઉપયોગ કરવાની પણ ભલામણ કરે છે જેમાં દિલ્હીના ડૉ. ઠાકર અને ડૉ. બંસલ મુખ્ય છે જ્યારે અમેરિકાના ડૉ. આલ્બર્ટ ટૉય ડેવિસ અને ભારતના ડૉ. એ.કે. ભટ્ટાચાર્ય એક જ ધ્રુવ દ્વારા સારવાર કરવાના હિમાયતી છે.

ચુંબક ચિકિત્સા કયા કયા રોગો પર અસર કરે છે તે જોઈએ તો... માથાનો દુઃખાવો, માઈગ્રેન, દાંતનો દુઃખાવો, કાન, ગરદન, ખભા, કોણી, ઢીંચણ, કાંડુ, પીઠ, કમર, સાંધો, ઘૂંટણ, હાથ-પગનો પંજો કે પેટ... કોઈપણ દુઃખાવામાં કામ કરે છે. તો વળી ગાઉટ (વઠિયો વા), સંધિવા, સ્નાયુઓના રોગ કે નબળાઈ, અપચો, અજીર્ણ, કબજિયાત, એસિડિટી, હોજરીમાં ચાંદા, પિત્ત, મરડો, ઝાડા, કોલાઈટ્સ, કમળો, લિવરના રોગ, પાઈલ્સ (હરસ-મસા-ભગંદર), બ્રોંકાઈટીસ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, એથિરોસ્કલેરોસિસ, લકવા, પોલિયો, આંખ-કાન-નાક, પથરી, ચામડીના રોગો, સ્ત્રીઓના રોગો, જાતીય નબળાઈ, અનિંદ્રા, એલર્જી સ્થુળતા, દાઝવું, ડંખ, ગાંઠ, કેન્સર, તાવ, હિસ્ટીરીયા, સ્તનગાંઠ... આ બધા રોગો ઉપરાંત માનવ શરીરના કોઈપણ રોગ ઉપર ચુંબકત્વ કાર્ય કરે છે. પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે ઉંમર, શક્તિ, રોગની ગંભીરતા, ચુંબકો કેવા છે ? વાપરવાની રીત કેવી છે ? એના પર આધાર રાખે છે. આ ચિકિત્સામાં મેગ્નેટિક પ્રમાણ જળવાય તો કોઈ આડ અસર થતી નથી. ચુંબકીય સારવારથી રોગોની દશા સુધરશે અને ધીમે ધીમે રોગ મૂળમાંથી હંમેશાંને માટે ખતમ થઈ જાય છે.

આજનું આધુનિક મેડિકલ સાયન્સ સ્વીકારી ચુક્યું છે કે 'મેગ્નેટિક થેરાપી' (ચુંબક ચિકિત્સા) માનવીના કોઈપણ રોગોને મૂળમાંથી અટકાવવા સક્ષમ છે. આને કારણે આજે 'મેગ્નેટ થેરાપી' સૌથી વધુ પ્રચલિત જાપાનમાં થઈ. જાપાનની 'ક્વાસ્કી ઈલેક્ટ્રીક ઈન્ડસ્ટ્રીઝ કંપની લિ.' વિદ્યુત ચુંબકીય ઉપકરણો બનાવે છે. જેનો ઉપયોગ રોગોના ઈલાજ માટે થાય છે આ કંપનીએ 'ઈલેક્ટ્રો-મેગ્નેટીક મૈગ્નેટાઈઝર' બનાવ્યું છે. જે આરામ ખુરશી જેવું છે જેમાં વીજળીથી ચાલતા છ ચુંબકો છે જેમાં બેસવાથી રોગ મટે છે. ટોકિયોમાં 'નાકાટાંવાસિહીકી મેડિકલ ઈન્ડસ્ટ્રીઝ કંપની લિ.' શરીરના ભિન્ન ભિન્ન અંગો પર બાંધવાની ચુંબકીય પેટીઓ બનાવે છે. આવી પેટીમાં ૧૬ ચુંબકો હોય છે. ટોકિયોની બીજી એક કંપની 'એમાન્તે ટ્રેડિંગ કંપની' પણ આવી ચુંબકીય પેટીઓ અને માળાઓ તથા પથારીમાં રાખવાના પેડ પણ બનાવે છે.

જાપાનની અન્ય એક વિજ્ઞાન સંસ્થા 'લાઈફ સાયન્સ ફાઉન્ડેશન' અને 'જાપાન લાઈફ કંપની લિ.' દ્વારા 'ટોટલ સ્લિપીંગ સીસ્ટમ' પ્રોડક્ટ બનાવવામાં આવી છે જેને મેગ્નેટિક બેડ કહે છે. આમાં વપરાતા મેગ્નેટ વિશ્વના તમામ મેગ્નેટ કરતાં જુદાં છે.આ મેગ્નેટો રબરાઈઝ્ડ અને બાયપોલર છે. એક જ સરફેસ (સપાટી) ઉપર ઉત્તરધ્રુવ અને દક્ષિણ ધ્રુવ વાળા મેગ્નેટો વિશિષ્ટ કાર્યશક્તિવાળા છે. છેલ્લા ૪૦ વર્ષથી આ મેગ્નેટનું ડુપ્લીકેશન શક્ય નથી બન્યું. આ ટોટલ સ્લીપીંગ સિસ્ટમ (ટીએસએસ)ના પેડમાં બાયપોલર મેગ્નેટિક વાયર, તકિયામાં ૪૧ અને ક્વીલ્ટ (રજાઈ)માં ૯૬ મેગ્નેટીક છે. આ ત્રણેયનો એક સાથે સુતી વખતે ઉપયોગ કરવાથી એક મેગ્નેટિક ફિલ્ડ (ચુંબકીય ક્ષેત્ર) રચાય છે. ઉપર નીચે ચુંબકીય તરંગોના ફૂવારા છૂટે છે, વચ્ચે આપણું શરીર આવતું હોવાથી બધા જ પ્રકારના રોગોને તાત્કાલિક અસર થાય છે જે એક મેડિકલ ડિવાઈસના રૂપમાં કાર્ય કરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)